

## કન્ટેન્મેન્ટ એરીયામાં ડ્રોન કેમેરા દ્વારા સઘન સર્વેલન્સની કામગીરી

કોરોના એ હાહાકાર મચાવતા શહેરના સેકટર-૩ સી અને સે-૭ ડી કન્ટેન્મેન્ટ એરીયા જાહેર કરવામાં આવ્યા છે. આ એરીયામાંથી કોઈને પણ કામ વિના અંદર કે બહાર જવા દેવામાં આવતા નથી. તેમાં પણ બાઈક પર એક સવારી અને કારમાં માત્ર બે વ્યકિત જ હોવા જોઈએ. જયારે પોલીસે આજે કન્ટેન્મેન્ટ એરીયામાં ઘરમાં જ રહેવુ અને કામ સિવાય આટાંફેરા મારશો તો પોલીસ તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવી ડ્રોન કેમેરા દ્વારા સર્વેલન્સની સઘન કામગીરી કરવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



બહેન, અમારું કામ તમને બચાવવાનું છે... શાકભાજીવાળાથી કોરોના ફેલાય છે તે સાંભળ્યું તેથી અમે શાક આપી જઈશું...

# લોકડાઉનમાં પણ ખેડૂતોએ પાસ લેવાની જરૂર નથી : અશ્વિનીકુમાર

## ૫૦ લાખ લાભાર્થીઓના ખાતામાં ૫૦૦ કરોડ જમા

ગાંધીનગર,તા.૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ કોરોના વાયરસના વ્યાપને કારણે જાહેર થયેલા લોકડાઉન દરમ્યાન રાજયના ખેડૂતોને પિયત સિંચાઈ માટે સગવડતા આપતો કિસાન હિતલક્ષી નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ રાજ્યમાં જે ખેડૂતો પોતાના ખેતરમાં પિયત માટે બોરવેલ કરાવવા માંગતા હોય તેવા ધરતીપુત્રોને બોરવેલ શારકામ માટેના વાહનોને એક જિલ્લાથી બીજા જિલ્લા કે તાલુકાથી તાલુકા સુધી સમગ્ર રાજ્યમાં અવર-જવર માટેની છૂટછાટ આપી છે.

સમગ્ર દેશમાં કોરોના વાયરસને પગલે લોકડાઉનની સ્થિતિ છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા કેટલીક સહાય અને છૂટછાટ આપવામાં આવી રહી છે. આ અંગે સીએમઓ સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, ખેડૂતોએ પાસ લેવાની જરૂર નથી. ખેડૂતોને પિયતની સગવડ મળી રહે તે માટેના પ્રયાસો કરાઈ રહ્યા છે. બોરવેલ કરાવવા માટે ખેડૂતોને મંજૂરી મળશે અને બોરવેલની ગાડી સમગ્ર રાજ્યમાં જઈ શકશે. અશ્વિનીકુમારે ખાતામાં જમા થનારી રકમ અંગે જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં ૫૦ લાખથી વધુ પરિવારને આ યોજનાનો લાભ મળ્યો છે.

૫૦ લાખ એકાઉન્ટમાં ૫૦૦ કરોડ રૂપિયા જમા કરાવી દેવામાં આવ્યા છે. લાભાર્થીના એકાઉન્ટમાં સીધી રકમ જમા કરાવાઈ છે. દરેક લાભાર્થીના ડેટાબેઝ પ્રમાણે નાણાં જમા કરાવ્યા છે. આ એપ્રિલ મહિનાના ૧ હજાર જમા કરાવ્યા છે. અનાજ વિતરણ અંગે અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, ૨૫મીથી અનાજ વિતરણની કાર્યવાહી શરૂ કરાઈ હતી. ૩૫ લાખ જેટલા કુટુંબને ઘઉં-ચોખાનું વિતરણ કરાયું છે. ૩૦ એપ્રિલ સુધીમાં તમામ લાભાર્થીઓને રાશન આપી દેવામાં આવશે. માર્કેટિંગ યાર્ડને લઈને અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, સીએમએ ૧૫ એપ્રિલથી તબક્કાવાર રજિસ્ટ્રેશન કરાવીને માર્કેટિંગ યાર્ડને શરૂ કરવા છૂટ આપી હતી. ૧૪૨ માર્કેટિંગ યાર્ડમાં ખરીદ વેચાણની કામગીરી ચાલે છે. ૮ લાખ ૮૭ હજાર ક્વિન્ટલ અનાજની ખરીદી કરાઈ છે. આજે શાકભાજીનો ૧.૪૪ ક્વિન્ટલ જથ્થો આવ્યો છે. બટાકા અને ડુંગળીની પણ આવક સારી છે.

## ધો-૩ થી ૮ના બાળકો ઘરે બેસી પ્રશ્નપત્રોના ઉત્તર લખી નોટ્સ બનાવે

ગાંધીનગર, તા.૨૮

રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ પ્રાથમિક શાળાનું નવું શૈક્ષણિક સત્ર ૮મી જુનથી શરૂ કરવાની કરેલી જાહેરાતની સાથે સાથે ધો-૩ થી ૮માં અભ્યાસ કરતા બાળકોને સ્ટડી ફ્રોમ હોમ અંતર્ગત વાર્ષિક મૂલ્યાંકન માટે છપાયેલા પ્રશ્નપત્રો જે લૉકડાઉનને લઈ યોજી શકાયેલ નથી તે ઘરે પહોંચાડી અને તેની ઉત્તરવહીઓ મેળવવા પણ જણાવાયું છે.

રાજયની પ્રાથમિક શાળાઓમાં એક સાથે પરીક્ષાઓ યોજવાનો નિર્ણય કર્યા પછી પ્રથમ જ વર્ષે પરીક્ષાઓ શરૂ થતાં પહેલાં કોરોનાની વૈશ્વિક મહામારીને પગલે લૉકડાઉનનો અમલ શરૂ થઈ ગયો હતો.

આ પ્રશ્નપત્રો છપાઈને પણ દરેક જિલ્લાઓ પર પહોંચી ગયા છે. હવે આ પ્રશ્નપત્રો વિદ્યાર્થીઓને તેમના ઘરે પહોંચાડવામાં આવે તેવો આદેશ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ કર્યો છે. નિયામકશ્રીએ આદેશની સાથે સાથે વિદ્યાર્થીઓ આ પ્રશ્નપત્રોમાં પુછાયેલા પ્રશ્નોની નોટ બનાવી જે તે સ્કુલમાં સત્રના આરંભે રજુ કરે અને તેની ચકાસણી કરવા જેણાવ્યું છે.

ગુજરાતમાં બાળકો લેખન, વાંચન અને ગણનમાં નબળા હોવાની વાત ગુણોત્સવના તારણમાં આવેલી છે. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીએ આ પરિપત્ર કરી બાળકની લેખન શકિતને વધુ અસરદાર બનાવવાનો આગ્રહ કર્યો હોવાની વાત શૈક્ષણિક જગતમાં ચર્ચાઈ રહી છે.

દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ધો- ૩ થી ૮માં અભ્યાસ કરતા બાળકોની સંખ્યા ૭૭ હજારથી પણ વધુ હોવાનું જાણવા મળેલ છે.



## ગાંધીનગરના મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટ

દ્વારા ગાંધીનગર મહાનગરપાલિકાના તમામ વોર્ડ માં કોર્પોરેટર્સ તથા વોર્ડ પ્રમુખોને પોતાના વિસ્તારમાં આવેલા આવેલ ઝુંપડપટ્ટી વિસ્તારના તથા જરૂરિયાતમંદ ગાંધીનગરવાસીઓને વોર્ડ દીઠ મોટી સંખ્યામાં નિરમા વોશીન્ગ પાવડર તથા નિરમા સાબુની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી અને સંસ્થાના ચેરમેન નિશિતભાઈ વ્યાસ તથા ગાંધીનગર મહાનગરપાલિકાના વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કોંગ્રેસના કોર્પોરેટરો હિરલ.ઉર્પલકુમાર જોષી, રાકેશભાઈ પટેલ, તથા શહેર જીલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ ઉર્પલ જોષી તથા મહામંત્રી રાકેશ જાની, વૈભવ જાની, વોર્ડ પ્રમુખ અજીતભાઈ પરમાર તથા અન્ય કાર્યકરો જોડાયા હતા.

## ૧૮૧ અભયમ ટીમના બે કાઉન્સિલરોનું ચિલોડા પોલીસ દ્વારા આભારપત્રથી સન્માન કરાયુ

કોરોના વાયરસ કોવિડ-૧૯ની મહામારીની સમસ્યાથી ઘરમાં રહો, સુરક્ષિત રહો, લોકડાઉન માંડ્યુ છે. જેને લીધે અભયમ ટીમ સતત મોનિટરીંગ કાર્યરત કરી રહ્યું છે. આવા સંકટ સમયે મહિલાઓની આભારદર્શન આપવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર લોકેશન પર




જનહિત માટે ખૂબ મહત્વનું બન્યુ છે. જેથી તમામ નાગરિક પોતાના ઘરમાં જ રહે. સોશિયલ ડિસ્ટસીંગનું પાલન કરે. માસ્ક અને સેનેટાઈઝરનો ઉપયોગ કરે. જેમાં ૧૮૧ અભયમ ટીમના સર્વે મુજબ ઘરેલુ હિંસાના કેસોનું પ્રમાણ વધવા સમસ્યાઓનું સુખદ સમાધાનના ઉકેલમાં ૧૮૧ ટીમ કોલ મળતાં સ્થળ પર પહોંચી સમજાવટ-સમાધાન કરાવવામાં અગ્રેસર રહી છે. જીવીકે. ઈએમઆઈડી દ્વારા મહિલા કાઉન્સિલરોનો ઉત્સાહ વધારવા માટે તેઓને સન્માન દ્વારા ફરજનિષ્ઠ ૧૮૧ મહિલા કાઉન્સેલર દિપીકા ચૌહાણ અને વિલાસ ઝાલા બંને કાઉન્સેલરો સારી રીતે પરજ બજાવતા ચિલોડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. દ્વારા બંનેનું આભારપત્ર આપી સન્માન કરવામાં આવ્યુ હતુ.

## ખંભાતથી કોરોગ્રસ્ત દર્દી ગાંધીનગર આવી તંત્રને જાણ ન કરતા નોંધાયો ગુનો

ગાંધીનગર,તા.૨૮

ગુજરાત સહિત રાજ્યભરમાં લૉકડાઉન ચાલી રહ્યું છે ત્યારે તમામ પરિવહન બંધ છે. તંત્ર વારંવાર અપીલ કરી રહ્યું છે કે, જે જ્યાં છે ત્યાં જ રહો. થોડા દિવસ સાવચેતી રાખીને કોરોનાની જંગમાં જીતી જાવ પરંતુ અનેક એવા લોકો છે જેમને હજી કોરોનાની ગંભીરતા સમજમાં આવી નથી. ગાંધીનગરમાં તો એક પરિપત્ર જાહેર કર્યો છે જેમાં ગાંધીનગરની બહારથી આવતા કોઈપણ વ્યક્તિએ કોર્પોરેશનમાં જાણ કરવાની હોય છે.

પરંતુ ખંભાતથી ગાંધીનગર સેક્ટર ૭માં સંબંધીનાં ઘરે આવેલા વ્યક્તિને કોરોના પોઝિટિવ આવ્યો હતો અને તેમને તંત્રમાં જાણ પણ કરી ન હતી. આવા બે વ્યક્તિઓ સામે સેક્ટર ૭ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવામાં આવ્યો છે. મળતી માહિતી પ્રમાણે, ખંભાતમાં રહેતા અમૃતભાઈ નટવરભાઈ ચુનારા ગત ૨૩ એપ્રિલના રોજ સે-૭/સી પ્લોટ નં.૮૮૦/૧માં રહેતા તેમના સંબંધી નગીનભાઈ શંકરભાઈ પટણીના ઘરે આવ્યા હતા. આ સમયે અમૃતભાઈ ઘરમાં પડી જતાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયા હતા.

જ્યાં તેમના અન્ય રિપોર્ટ સાથે કોરોનાનો રિપોર્ટ પણ કરાવવામાં આવ્યો હતો. આ રિપોર્ટમાં તેઓ કોરોના રીપોર્ટ પોઝિટીવ આવ્યા હતા. જેના પગલે તેમની સારવાર તો શરૂ કરી દેવાઈ હતી. આ વ્યક્તિ ખંભાતથી ગાંધીનગર આવ્યા હોવા છતાં કોર્પોરેશન તંત્રને જાણ નહીં કરતાં તેમની સામે પોલીસ મથકમાં જાહેરનામા ભંગ અને એપેડેમીક એકટ મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

## સીએમ રાહત ફંડમાં જિલ્લા હોમગાર્ડઝ યુનિટ દ્વારા રૂ.૩,૭૫,૨૦૦ નો ચેક અર્પણ

નોવેલ કોરોના વાયરસ કોવીડ-૧૯ ની અસર વ્યાપક પ્રમાણમાં ફેલાય નહી તેના તકેદારીના ભાગરૂપે પોલીસ તંત્રની સાથે ખભે થી ખભો મીલાવી હોમાગાર્ડઝના જવાનો રાતદિવસ ફરજ બજાવી રહ્યા છે. હાલ આવી પડેલી કોરોનાની મહામારીના સમયમાં હોમગાર્ડઝ દળના સભ્યો નિસ્વાર્થ ભાવે પરિવારની ચિંતાની સાથે સાથે સમગ્ર જિલ્લાની અને રાષ્ટ્રની સેવામાં સમર્પિત છે. સમગ્ર જિલ્લામાં ૧૫૦૦ જેટલુ સંખ્યાબળ ધરાવતા હોમગાર્ડઝ યુનિટના સભ્યોએ મુખ્યમંત્રી રાહત ફંડમાં જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ રૂ.૩,૭૫,૨૦૦ નો ચેક જમા કરાવ્યો છે. હોમગાર્ડઝના જવાનોએ પોતાનું એક દિવસનું માનદ વેતન જમા કરાવી અનોખુ ઉદાહરણ પુરુ પાડ્યું છે.

## ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના કર્મચારીનું ગાંધીધામ પાસે ગોઝારા અકસ્માતમાં મૃત્યુ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની પરીક્ષા ની ઉત્તરવહીઓ નું હાલમાં મૂલ્યાંકન કાર્ય થઈ રહ્યું છે ત્યારે ત્યારે રહ્યું છે ત્યારે આ કામગીરીમાં સેવા બજાવી રહેલા ગાંધીનગરના વર્ગ-૪ના કર્મચારી શ્રી રીન્કુ ભાઈ ખુશાલભાઈ શ્રીમાળી નું નું શ્રીમાળી નું કચ્છના ગાંધીધામ પાસે એક દુર્ઘટનામાં અવસાન થયું છે .

શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ સ્વર્ગસ્થ શ્રી રીન્કુ ભાઈ ના આકસ્મિક અવસાન બદલ ઊંડા શોક અને દુઃખની લાગણી વ્યકત કરીને તેમને શ્રદ્ધાંજલી પાઠવી છે. કચ્છના ગાંધીધામ ખાતે ની શાળા ખાતે મૂલ્યાંકન થયેલી ઉત્તરવહીઓ ને અમદાવાદ ખાતે લાવવા માટે માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની કચેરીમાં કામગીરી કરતા શ્રી રીન્કુ ભાઈ ખુશાલભાઈ શ્રીમાળી તથા પોલીસ ગાર્ડ અર્જુનસિંહ ગાંધીધામ ગયા હતા. તેઓ ગાંધીધામ ખાતેથી આ મૂલ્યાંકન થયેલી ઉત્તરવહીઓ અમદાવાદ વાહન દ્વારા લાવી રહ્યા હતા ત્યારે ગાંધીધામ થી નજીક પડાણા ગામ પાસે આજે સવારે વાહન નો અકસ્માત થતા અકસ્માત થતા શ્રીમાળી નું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થ શ્રી રીન્કુ ભાઈ શ્રીમાળી માધ્યમિક શિક્ષણ બોર્ડના ખૂબ જ કર્મનિષ્ઠ કર્મચારી હતા. બોર્ડની કોઈપણ પ્રકારની સરકારની કામગીરી કરવામાં તેઓએ હંમેશા તૈયારી દર્શાવી હતી ત્યારે આવા સંનિષ્ઠ અને કર્મનિષ્ઠ કર્મનિષ્ઠ કર્મચારી ના અવસાન બદલ માધ્યમિક શિક્ષણ બોર્ડના કર્મચારી સમૂહ અને અધિકારીઓમાં અધિકારીઓમાં ઊંડા શોકનુ મોજું ફરી વળ્યું છે.

## ઈંટોના ભઠ્ઠામાં રહેલાં ઉત્તર ગુજરાતના પરપ્રાંતીય મજૂરોને તેમનાં વતનમાં મોકલવા કોંગ્રેસની રજૂઆત

**ગુજરાતમાં રોજી અને રોજગાર વિના ભારે મુંઝવણમાં મુકાયેલા વિવિધ ક્ષેત્રના હજારો શ્રમિકો-મજૂરોને ભૂખમરાનો સામનો કરવાની દયનીય સ્થિતિ સર્જાઈ છે : ડો. હિંમાંશુ પટેલ**

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત રાજ્યમાં કોરોના વાયરસ દીનપ્રતિદિન વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. ત્યારે બીજી તરફ રોજી અને રોજગાર વિના ભારે મુંઝવણમાં મુકાયેલા વિવિધ ક્ષેત્રના હજારો શ્રમિકો-મજૂરોને ભૂખમરાનો સામનો કરવાની દયનીય સ્થિતિ સર્જાઈ છે. આ સંજોગોમાં સમગ્ર ઉત્તર ગુજરાતમાં ઈંટ ઉત્પાદનનો ધંધો સંપૂર્ણ બંધ હોવાથી ઈંટોના ભઠ્ઠા ઉપર કામ કરતા પરપ્રાંતીય મજૂરોને તેમના વતનમાં જવાની તાત્કાલિક વ્યવસ્થા કરી આપવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મહામંત્રી ડૉ. હિમાંશુ પટેલે માંગણી કરી છે.



ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યુ છે કે કેન્દ્ર અને રાજ્યમાં ભાજપ સરકારે ગઈ ૨૦ માર્ચે જ જનતા કરફ્યુ વખતે પરપ્રાંતિય શ્રમિકોને તેમનાં વતનમાં જવા માટેની વ્યવસ્થા કરવાની જરૂર હતી. પરંતુ થાળી-તાળી વગાડવા સાથે દીવા કરીને લોકડાઉન થઈ ગયેલી ભાજપ સરકારે ગરીબોને ગાળિયો પહેરાવી દીધો છે. અમીરો અને ઉદ્યોગપતીઓને માફી આપતી આ સરકાર દ્વારા શ્રમિકોને કોઈ ભથ્થું આપ્યું નથી. જ્યારે બીજી તરફ કંપની કે ઉદ્યોગોના માલિકો કાચો માલ નહીં હોવાથી ઉત્પાદન નહીં થવા સાથે વેચાણ નહીં હોવાથી શ્રમિકોને રોજગારી અને પગાર આપી શકતાં નથી.

આ સંજોગોમા શ્રી ઉત્તર ગુજરાત ઈંટ ઉત્પાદક એસોસિએશનના પ્રમુખ ધનજીભાઈ યુ. પ્રજાપતિ દ્વારા પણ કોરોના વાયરસના કારણે ઈંટ ઉત્પાદન બંધ હોવાથી ભઠ્ઠા ઉપર રહેલાં મજૂરોને તાત્કાલિક પોતાના વતનમાં મોકલવા માટે નાયબ મુખ્યમંત્રીને પણ રજૂઆત કરવામાં આવી છે. ડૉ. હિમાશુ પટેલે જણાવ્યુ છે કે આ શ્રમિકોને તેમના વતન જેવા કે એમપી, યુપી, બિલાસપુર, છત્તીસગઢ જેવી જગ્યાએ તાત્કાલિક રેલવે અથવા લકઝરી બસ દ્વારા આધાર કાર્ડના આધારે વ્યવસ્થા કરવી જોઈએ.



## ગાંધીનગર જિલ્લા રેડક્રોસનું મુખ્યમંત્રી રાહત ફંડમાં ૧,૦૧,૧૧૧નું દાન

કોરોના મહામારીમાં સતત સતત પ્રજાલક્ષી કામગીરી કરતી ગુજરાત સરકારની આ કટોકટીના સમયમાં ચાલી રહેલ લડતમાં સહભાગી બનવા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં રૂ.૧,૦૧,૧૧૧/- નું દાન આપવામાં આવ્યું હતું. આ દાનનો ચેક નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના હોદ્દેદારોની ઉપસ્થિતિમાં સ્વિકાર્યો હતો.

## ખૂણેખાંચરેથી

- કોરોનાને લઈ ગુજરાત વિધાનસભા ખાતે પણ કંટ્રોલરૂમ શરૂ કરવામાં આવેલ છે. લોકસભા અધ્યક્ષ સાથેની વિડીયો કોન્ફરન્સ બાદ આ નિર્ણય વિધાનસભા સચિવાલયે કર્યો છે. આ કંટ્રોલરૂમને મળેલ ફરિયાદો સ્ટેટ ઈમરજન્સી સેન્ટરના કંટ્રોલરૂમને મોકલવામાં આવશે તેમ વિધાનસભા સચિવાલયના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.
- ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ જિલ્લા કલેકટરને પત્ર લખી જિલ્લાને જોડતી સરહદોને સીલ કરવા માંગ કરી છે જેથી કોરોનાનું સંક્રમણ નાથી શકાય.
- રાજ્યના સામાન્ય વહીવટ વિભાગે ૪ નાયબ સચિવોને સંયુક્ત સચિવ તરીકે બઢતી આપતા હુકમો આજે જારી કર્યા છે. આ બઢતી મેળવનારાઓમાં શ્રીમતિ કે.આર. ઓઝા, પી.બી. પટ્ટણી, વાય.પી. રાવલ અને આર.એચ. છત્રપતિનો સમાવેશ થાય છે.
- ગાંધીનગર મનપા દ્વારા ૪૦થી વધુ લોકોને ફેસીલીટી ક્વોરોન્ટાઈન અને ૨૪૦ થી વધુ હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.
- રાજભવનના તમામ કર્મયોગીઓ દ્વારા એક દિવસના પગારની રકમ રૂ. ૧.૨૧ લાખ રાજ્યના મુખ્યમંત્રીશ્રીના રાહત ફંડમાં જમા કરાવવામાં આવી છે.
- કલોલ તાલુકાના સાંતેજ ગામે ઈફકોના સભ્યો દ્વારા સમગ્ર ગામમાં સેનેટાઈઝરનો છંટકાવ કરવામાં આવ્યો હતો.

## ગાંધીનગરમાં વર્ષીતપના પાંચ તપસ્વીઓના પારણાં

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સેક્ટર-૨૨માં જૈન દેરાસર સંકુલ સ્થિત ગચ્છાધિપતિ આચાર્ય પૂ.હેમપ્રભસૂરીશ્વરજીના એક તપસ્વી મુનિશ્રી ના ૩૦મા વર્ષિતપના પારણાં સાદાઈથી



કરવામાં આવ્યાં હતા. આ સાથે અન્ય ચાર શ્રાવક-શ્રાવિકા સહિત કુલ પાંચ તપસ્વીઓએ અખાત્રીજના શુભ દિવસે તેઓના વર્ષિતપ પૂર્ણ થતા શેરડીના રસ થી અત્યંત સાદગીપૂર્ણ રીતે પોતાના નિવાસ પારણાં કર્યા હતા. આ મહાપર્વને શહેરમાં કોરોના મહામારી કારણે લાગુ કરાયેલ લૉકડાઉનના નિયમોનું પાલન કરીને અત્યંત ભાવપૂર્ક સાદાઈથી અને અનુમોદના પૂર્વક મનાવવામાં આવ્યું હતું.

## બહેરામપુરાના મહિલા કોર્પોરેટરનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા સારવાર માટે ખસેડાયા

અમદાવાદ,તા.૨૮

કોરોનાનો કહેર કોટ વિસ્તારમાં અને બહેરામપુરા વિસ્તારમાં જે રીતે ફેલાયો છે તેમાં સિનિયર કોર્પોરેટર બદરુદ્દીન શેખ સપડાયા બાદ હવે બહેરામપુરાના જ મહિલા કોર્પોરેટરનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. બહેરામપુરાના કોંગ્રેસના કાઉન્સિલર કમળાબેન ચાવડાનો કોરોના પોઝિટિવ આવ્યો છે. તેઓને સારવાર માટે એસવીપી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.